ભારત-કેનેડા વિદેશ કાર્યાલય પરામર્શ

02 સપ્ટેમ્બર 2026 ના રોજ, ભારતના વિદેશ મંત્રાલય અને ગ્લોબલ અફેર્સ કેનેડાના અધિકારીઓએ નવી દિલ્હીમાં આવેલ હૈદરાબાદ હાઉસ ખાતે વાર્ષિક વિદેશ કાર્યાલય પરામર્શ (FOC) બેઠક યોજી હતી. ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ સચિવ (પૂર્વ) શ્રી રુદ્રેન્દ્ર ટંડને કર્યું હતું, જ્યારે કેનેડિયન પ્રતિનિધિમંડળનું નેતૃત્વ વિદેશ બાબતોના નાયબ મંત્રી શ્રી અરુણ થંગરાજે કર્યું હતું.

2. FOC નું આયોજન દ્વિપક્ષીય સંબંધોમાં જળવાઇ રહેલી ગતિશીલતાની પૃષ્ઠભૂમિમાં કરવામાં આવ્યું હતું, જે જૂન 2025 થી ઉચ્ચસ્તરીય આદાન-પ્રદાનની ગતિ અને દ્વિપક્ષીય સહકારના વિવિધ ક્ષેત્રોમાં થયેલી પ્રગતિમાં પ્રતિબિંબિત થાય છે.

3. બંને પક્ષોએ સહિયારા લોકતાંત્રિક મૂલ્યો, સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાના સિદ્ધાંતો પ્રત્યે આદર તથા કાયદાના શાસન પ્રત્યેની સંયુક્ત પ્રતિબદ્ધતા પર આધારિત ભારત-કેનેડા સંબંધોના મહત્વની પુનઃપુષ્ટિ કરી. બંને પક્ષોએ ઊર્જા અને મહત્વપૂર્ણ ખનિજો, વિજ્ઞાન અને ટેકનોલોજી, શિક્ષણ, સુરક્ષા અને સંરક્ષણ સહયોગ, સંસ્કૃતિ, લોકોથી લોકોના સંબંધો અને કોન્સ્યુલર બાબતો સહિત વિવિધ સંસ્થાકીય વ્યવસ્થાઓ હેઠળ થયેલી પ્રગતિની સમીક્ષા કરી. બંને પક્ષોએ બંને સરકારો વચ્ચે સંસ્થાકીય જોડાણ અને સંવાદને મજબૂત બનાવવામાં થયેલી પ્રગતિનું સ્વાગત કર્યું.

4. બંને પક્ષોએ 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપારને CAD 70 બિલિયન / ₹4.65 લાખ કરોડથી વધુના સ્તરે બમણો કરવાના સહિયારા ઉદ્દેશ્ય સાથે વર્ષના અંત પહેલાં વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (CEPA) અંગેની વાટાઘાટો પૂર્ણ કરવાની તેમની સહિયારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

નવી દિલ્હી

02 સપ્ટેમ્બર, 2026